# રાજકોટ નાગરિક સહકારી બેંકમાં ફિનેકલ સોફટવેર ઈન્સ્ટોલ કરાયોઃ બેંકિંગ સુવિધા ઝડપી બની

## સભાસદો-ખાતેદારો અદ્યતન બેંકિંગ સુવિધા આપવા માટે ટીમ નાગરિક સજજઃ દિનેશભાઈ પાઠક

રાજકોટ,

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં નવી એક શરૂઆત થઈ છે. દેશ-વિદેશની ખ્યાતનામ બેંકોમાં મહત્તમ વપરાતો ઈન્ફોસીસ કંપનીનો કોર બેકિંગ સોફટવેર, ફિનેકલનો અમલ શરૂ થયો છે.

આ અંગે વધુ માહિતી આપતા બેંકના ચેરમેન દિનેશભાઈ પાઠકે જણાવ્યું હતુંકે, આજના યુગમાં દરેક ક્ષેત્રમાં આધુનિકતમ ટેકનોલોજીનો મહત્તમ વપરાશ થઈ રહ્યો છે. આના પગલે પગલે, આપણી બેંક દ્વારા દેશભરમાં નામાંકિત ઈન્ફોસીસ કંપનીનો કોર બેકિંગ સોફટવેર, ફિનેકલનો અમલ શરૂ કર્યો છે. સભાસદી-ખાતેદારોને અદ્યતન બેંકિંગ સુવિધા આપવા માટે ટીમ નાગરિક સજ્જ બની છે. આ સોફટવેરની વિશેષતા એ છે કે બેંકિંગ ક્ષેત્રમાં મહત્તમ બેંકો તેનો વપરાશ કરી રહી છે. ઈન્ફોસીસનો ફિનેકલ સોફટવેર અદ્યતન ટેકનોલોજીથી સજજ છે અને ભવિષ્યની જરૂરિયાતો માટે પણ અનુકુળ છે. આથી બેંકે ફિનેકલ પસંદ કર્યું છે. રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા હંમેશા આવનારા સમયને પારખીને ટેકનોલોજીને આવકારી શ્રેષ્ઠ ગ્રાહક સુવિધા અપાઈ છે. ફિનેકલ સોફટવેર દ્વારા આ પરંપરાને અવશ્યર જાળવીશું.

ફિનેકલ સોફટવેરની વિશેષતા જોઈએ તો, હાલમાં ૩૮ શાખાઓ કાર્યરત છે. નવો સોફટવેર ફુલી સ્કેલેબલ છે તેનાથી અગણિત બ્રાંચમાં કામ કરી શકાશે. રોબોસ્ટે ટેકનોલોજી અને ફીચર્સથી સજ્જ છે. અત્યાર સુધી મેન્યુઅલ થતાં મોટાભાગનાં કામો સોફટવેરની મદદથી ઓટોમેટીક અને ઝડપી થઈ શકે છે. સાયબર સુરક્ષાના વિવિધ ધારાધોરણોમાં સફળતાથી થયેલ છે. ભવિષ્યની ટેકનોલોજીને આ સોફટવેર સાથે સાંકળવું સહેલું બનશે. ફિનેકલ સોફટવેરના વપરાશ ડીજીટલ બદલાવ, પારદર્શિતા અને ગ્રાહકની સાનુકુળતાની સાથે સહકારી સિદ્ધાંતો મજબુતાઈથી જાળવે છે.

નાના માણસાની મોટી બેંક ના સુત્રને સાર્થક કરતી, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. ટેકનોલોજીની સાથે મુલ્યોને જાળવી આવનારા સમયમાં સર્વોત્તમ ગ્રાહક સુવિધા પુરી પાડવા કટીબદ્ધ હોવાનું યાદીના અંતમાં જણાવાયું છે.

# રાજકોટમાં સેનીટી ગાર્ડન લાફીંગ કલબ દ્વારા વરિષ્ઠ વયવંદના કાર્યક્રમ યોજાયો

રાજકોટ,

તાજેતરમાં સેરેનીટી લાફીંગ કલબ ત્રણ વર્ષ પુરા થયા તે સ્થાપના દિન ઉજવણીના ભાગરૂપે સેરેનીટી ગાર્ડનના કલબ હાઉસ ખાતે સમગ્ર લાફીંગ કલબ સભ્યો ઉંમર ૭૦ થી ઉપર અને ૭૫ વર્ષ સુધીના સભ્યોનો વરિષ્ઠ વય વંદના કાર્યક્રમ દ્વિતીય અંતર્ગત લાફીંગ કલબના સભ્યોની અઢળક શુભેચ્છા સાથે શાલ અને કેસરી ઉપકરણો ઓઢાડીને સન્માન સહ અભિવાદન કરવામાં આવેલ.

આ સ્થાપના દિન ઉજવણીના ભાગરૂપે વરિષ્ઠ વયવંદના કાર્યક્રમ, લાફીંગ કલબનો સ્થાપના દિન અને ભોજન સમારંભ યોજાયો હતો. કાર્યક્રમ સફળ બનાવવા માટે લાફીંગ કલબના પ્રમુખ ગાંગજીભાઈ સાદરીયા, ઉપપ્રમુખ ભાવિન્દુભાઈ ચાંગેલા, માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, સહ માનદ મંત્રી અનિલભાઈ પારેખ, ટ્રેઝરર અશોકભાઈ કાથ્રોટીયા, તથા કારોબારી સભ્યોએ જહેમત ઉઠાવેલ.

# યુજીસીના નવા કાયદાને સુપ્રીમ કોર્ટે સ્થગિત કરતા સવર્ણ સમાજમાં ખુશીની લહેર

## નાગર બોર્ડિંગ ખાતે બ્રહ્મસમાજ, ક્ષત્રિય, પાટીદાર સમાજના આગેવાનોની મીટીંગ

રાજકોટ,

યુજીસીના નવા કાયદા અને નિયમોને સુપ્રીમ કોર્ટે સ્થગિત કરતા સવર્ણ સમાજમાં ખુશી છવાઈ છે. સુપ્રીમ કોર્ટના નિર્ણયને આજે રાજકોટમાં ટાગોર રોડ સ્થિત નાગર બોર્ડીંગ ખાતેની મીટીંગમાં દરેક સમાજે આવકાર્યો છે.

કરણી સેનાના જિલ્લા પ્રમુખ ભુપતસિંહ જાડેજા, બ્રહ્મસમાજ પ્રમુખ મિલન શુકલા, નીતિનભાઈ જોશીએ જણાવ્યું હતું કે, તા. ૧૯મીની મુદ્દત બાદ પણ સરકાર હવે ભેદભાવ ન રહે તેવી વ્યવસ્થા લાગુ કરે તેવી આશા છે. વર્ગવિગ્રહ ન થાય તેવા નિયમો જરૂરી છે. કાયદો દરેક માટે સમાન હોવો જોઈએ. ભારત વિશ્વગુરૂ બનવા જઈ રહ્યું છે ત્યારે સૌને લાયકાત મુજબ સ્થાન મળવા જોઈએ. અમારો વિરોધ અનામત સામે નથી. કચડાયેલા વર્ગને વધુ તક મળે તેમાં કોઈને વાંધો હોઈ શકે નહીં. પરંતુ સવર્ણોને ખોટો અન્યાય ન થાય તે વાત મહત્વની છે તેમ આગેવાનોએ કહ્યું હતું. ક્ષત્રિય અને પાટીદાર સમાજના લોકો પણ આ મીટીંગમાં હાજર રહ્યા હતા.

# રાજકોટના વોર્ડ નં.૧૮માં પેવીંગ બ્લોક કામનું ખાતમુહૂર્ત

રાજકોટ,

રાજકોટ મહાનગર પાલિકા દ્વારા વોર્ડ નં.૧૮માં વદાવન બંગલો અને શ્યામ રેસી.માં જન ભાગીદારી યોજના હેઠળ પેવીંગ બ્લોક નાખવાના કામનો શુભારંભ વોર્ડના કોર્પોરેટરો દ્વારા કરવામાં આવેલ.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં કોર્પોરેટર સંજયસિંહ રાણા, દક્ષાબેન વાઘેલા, પ્રમુખ અનિલભાઈ દોંગા, મહામંત્રી મુન્નાભાઈ જોગરાણા, ધર્મેશભાઈ કિહોર, હિમાંશુભાઈ રાજયગુરૂ, નિલેશભાઈ મુંગરા, કાળુભાઈ સરપંચ, રામભાઈ ડાંગર, મહેશભાઈ આસોદરીયા, દિનેશભાઈ કિડીયા, મુકેશભાઈ ગઢવી, કલ્પેશભાઈ બામટા, ધ્રુવિન જોષી, મોહિત મહેતા, સંસ્કાભર પટેલ, બ્રિજેશ ગઢીયા, જયેશભાઈ લાઠીયા, દેવાયતભાઈ ડાંગર, જગદીશભાઈ સરવૈયા, પરેશભાઈ તાલપરા, રમેશભાઈ સાગઠીયા, ધીરૂભાઈ કોળી, અશ્વિનભાઈ સખીયા, કેતનભાઈ મારડીયા, અનીલ ભૈયા, જેન્તીભાઈ રાઠોડ, માલતીબેન ચાવડા, આશાબેન ગોહેલ તેમજ વિસ્તારવાસીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

# રાજકોટ ખાતે ઓપન ગુજરાત ઈન્વિટેશન કેરમ ટુર્નામેન્ટનું આયોજન

રાજકોટ,

રાજકોટ ડિસ્ટ્રિક્ટ કેરમ એસોસિયેશન દ્વારા જયોતિ સી.એન.સી.ના સહયોગથી અગાઉ આયોજિત ઓપન સૌરાષ્ટ્ર કેરમ ટુર્નામેન્ટની સફળતા બાદ ફરી એક વખત રાજયસ્તરીય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત તા. ૧૪ અને ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ઓપન ગુજરાત ઈન્વિટેશન કેરમ ટુર્નામેન્ટનું આયોજન બેકર્સ રિક્રિએશન ક્લબ, નવી કલેક્ટર કચેરી નજીક, શ્રોફ રોડ, સી.આઈ.ડી.આઈ.બી. ઓફિસ સામે, રાજકોટ ખાતે આયોજીત કરવામાં આવશે.

આ ટુર્નામેન્ટમાં ગુજરાતભરના પ્રખર કેરમ ખેલાડીઓ ભાગ લેશે અને સ્પર્ધા સિંગલ્સ તથા ડબલ્સ કેટેગરીમાં રમાશે. સિંગલ્સ માટે એન્ટ્રી ફી રૂ. ૨૦૦ અને ડબલ્સ માટે રૂ. ૩૦૦ રાખવામાં આવી છે. ખેલાડીઓએ પોતાની એન્ટ્રી તા.૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સાંજના ૭:૦૦ વાગ્યા સુધીમાં નોંધાવવાની રહેશે.

આ માટે અજીત ઝીબા (૯૭૨૩૮ ૫૯૬૯૦), ધર્મેન્દ્રસિંહ પઢિયાર (૮૯૮૦૦ ૨૭૭૦૭), અજય દતાણી(૯૮૨૫૨ ૨૯૯૭૮), અર્જુન પંડિત (૯૯૦૪૨ ૫૦૫૦૩) તથા હાર્દીક રાણપરા (૯૮૭૯૫ ૮૫૦૬૦) નો આપેલ નંબર ઉપર સંપર્ક કરવાનો રહેશે. આ સિંગર તથા ડબલ ટુર્નામેન્ટના વિજેતાઓને રોકડ ઈનામો આપી સન્માનિત કરવામાં આવશે. આ ટુર્નામેન્ટમાં બહારગામથી ભાગ લેનાર ૫૦ જેટલા ખેલાડીઓ માટે નિઃશુલ્ક રહેવા, જમવા અને નાસ્તાની વ્યવસ્થા કરાશે.

# રાજકોટમાં વિશ્વકર્મા જયંતિ નિમિતે માધવરાયજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મહારક્તદાન કેમ્પ

રાજકોટ, શ્રી માધવરાયજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિશ્વકર્મા જયંતીની ઉજવણી નિમિત્તે તા.૩૧ને શનિવારે શ્યામ મંદિર (રીંગ રોડ બાયપાસ, કોઠારીયા ચોકડી) ખાતે સવારે ૭થી બપોરે ૧૦:૩૦ વાગ્યા સુધી સમાજ ઉત્થાન, સમાજ ઉત્કર્ષ અને સમાજ સેવાનાં ભાગ રૂપે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.વોલન્ટરી બ્લડ બેંક અને રેડક્રોસ બ્લડ બેંકના સહયોગથી આયોજીત આ રક્તદાન કેમ્પમાં ૪૫૦થી ૫૦૦ સીસી રક્તદાન થવાની શક્યતા છે.

આયોજનને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખ નિલેશભાઈ ચાવડા, ઉપપ્રમુખ જતીનભાઈ મારૂ, મંત્રી રિતેશભાઈ ટાંક, ખજાનચી સંદીપભાઈ મકવાણા, સહમંત્રિ મનોજભાઈ રાઠોડ તેમજ કારોબારી સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટમાં સાયક્લોમાઈલ્સ -૭૭ કિ.મી. સાઈકલિંગ રાઈડ યોજાઈ

## ૯૦થી વધુ સાયકલીસ્સયક જોડાયા : તમામનું ફિનિશર મેડલથી સન્માન

રાજકોટ,

રાજકોટ સાઈકલ ક્લબ દ્વારા આયોજિત સાયક્લોમાઈલ્સ - ૭૭ કિ.મી. સાઈકલિંગ' કાર્યક્રમ પ્રજાસત્તાક પર્વે યોજાઈ જતા ૯૦થી વધુ સાઈકલિસ્સલો ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તમામ ભાગ લેનારાઓએ ૭૭ કિ.મી.ની રાઈડ સફળતાપૂર્વક પૂર્ણ કરી હતી.

આ ઈવેન્ટનો ફ્લેગ ઓફ મુખ્ય મહેમાન ભરતભાઈ ઘોડાસરા (અગ્રણી ઉદ્યોગપતિ) સાથે વત્સલ પરસાણિયા (એનએચએઆઈ), યોગેશ જાની (૧૦૮ એમ્બ્યુલન્સ ટીમ), આર. એસ. પરમાર (રાજકોટ પોલીસ) તથા જિગ્નેશ કામદાર (પ્રેસિડેન્ટ, રોટરી મિડટાઉન લાઈબ્રેરી)ના હસ્તે કરવામાં આવ્યો. આ ઈવેન્ટ માટે રોટરી મિડટાઉન લાઈબ્રેરીનો મહત્વપૂર્ણ સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ ઈવેન્ટને સફળ બનાવવા માટે રાજકોટ સિટી પોલીસ, રાજકોટ રૂરલ પોલીસ, નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એનએચએઆઈ) તથા ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમ તરફથી ઉત્તમ સહકાર મળ્યો હતો. રાઈડ પૂર્ણ થયા બાદ તમામ ભાગ લેનારાઓને ફિનિશર મેડલથી સન્માનિત કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રોટરી ક્લબ ઓફ રાજકોટ મિડટાઉન તથા રાજકોટ સાઈકલ ક્લબના સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ પારેખ ટેકનીકલ ઈન્ટીટયુટમાં રક્તદાન કેમ્પ યોજાયો

રાજકોટ, રાજકોટ સિવિલ

હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓને વિનામુલ્યે બ્લેડ મળી રહે તેવા શુભઆશયથી, શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી, એ.વી. પારેખ ટેકનીકલ ઈન્ટીટયુટ દ્વારા યોજાયેલ કેમ્પમાં ૬૯ બ્લડ બોટલ્સ રાજકોટ સિવિલ બ્લડ બેંકને અર્પણ કરવામાં આવેલ. આ કેમ્પમાં ડો. પરેશ પી. કોટક (પ્રિન્સીપાલ એ.વી.પી.ટી.આઈ.) એ.વી.પી.ટી.આઈ પરિવાર, શ્રમદૃ? રાજચંદ્ર ફાઉન્ડેશન, નિમેષ મહેતા (હેડ ઓફ ડીપાર્ટમેન્ટ ઈલેકટ્રીક વિભાગ) એ સેવા આપેલ.

# રાજકોટની રાજકુમાર કોલેજમાં આંતરરાષ્ટ્રીય રાઉન્ડ સ્કેવર પરિષદ યોજાઈ

રાજકોટ, રાજકોટ શહેરની ઐતિહાસિક શૈક્ષણિક સંસ્થા રાજકુમાર કોલેજ (આર.કે.સી.) ખાતે બુધવારે આંતરરાષ્ટ્રીય રાઉન્ડ સ્કેવર પરિષદ-૨૦૨૬નું ઉદ્ઘાટન ભાવસિંહજી હોલ ખાતે કરવામાં આવેલ.

જેમાં ભારત તેમજ દુબઈ, ઓસ્ટ્રેાલિયા અને થાઈલેન્ડ સહિત કુલ ૨૫ અગ્રણી શાળાઓના ૨૩૬ વિદ્યાર્થી પ્રતિનિધિઓ તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. પરંપરાગત સ્વાગતવિધિ બાદ ઈતિહાસકાર, પર્યાવરણવિદ તથા રાજકુમાર કોલેજના ગૌરવશાળી પૂર્વ વિદ્યાર્થી ડો. દિવ્યાભાનુસિંહજી અને શાળાના પ્રિન્સિપાલ શ્રી યશ સક્સેનાએ પ્રાસંગીક વકતવ્ય આપેલ. સમારંભનો અંત સત્તાવાર સમૂહ ફોટોગ્રાફ સાથે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ઓલ ઈન્ડિયા આઈપીએસસી ચેમ્પિયન આર.કે.સી. ઓલ ગર્લ્સ બેન્ડ ટીમ દ્વારા શાળાના ક્વાપ્ડ્રેંગલમાં ભવ્ય અને શિસ્તબદ્ધ પ્રદર્શન રજૂ કરવામાં આવ્યું. હતું

# શનિવારે રાજકોટના ત્રિમૂર્તિ બાલાજી મંદિરે રક્તદાન કેમ્પ

રાજકોટ,

આર્યા એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રી ત્રિભુવનભાઈ ભીમજી કક્કડ (કચ્છ ખાવડાવાળા)ની તૃતીય પુણ્યતિથિ નિમિતે દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ થેલેસેમિયાગ્રસ્ત બાળકો તેમજ જરૂરિયાતમંદ દર્દીઓ માટે રક્તદાન કેમ્પ તા. ૩૧ શનિવારે, ૧૫૦ ફૂટ રીંગ રોડ પાસે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પાસે, ત્રિમૂર્તિ બાલાજી મંદિર મુકામે, સાંજે ૬:૩૦ થી ૯:૩૦ કલાક દરમિયાન યોજાશે.

રકતદાતાઓને પ્રોત્સાહક ઈનામ સાથે તુલસીનો છોડ અર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે બ્રેસ્ટ ઓક્કો પ્લાસ્ટિક સર્જન ડો. અશ્વિનીબેન જસાણી મોદી, ડો. પાર્થ જસાણી, રોટરી કલબ ઓફ મેટ્રો, રાજકોટના પ્રમુખ સંજયભાઈ નિમાવત, ડો. હુસેનાબેન તેમજ કચ્છ ખાવડાવાળા સ્વીટસ એન્ડ નમકીનનો પરિવાર ઉપસ્થિત રહેશે. ત્રિમૂર્તિ બાલાજી મંદિરના ટ્રસ્ટીગણ તથા પ્રમુખ ભગીરથસિંહ જાડેજાનો સહયોગ મળેલ હોવાનું જણાવાયું છે. રકતદાન માટે ઈચ્છુક દાતાઓ મો. ૮૨૦૦૪૨૩૩૧ પર સંપર્ક કરી પોતાનું નામ નોંધાવી દેવું. આયોજનમાં ટ્રસ્ટના પ્રમુખ ભાવનાબેન કક્કડ, ટ્રસ્ટીગણ રાજેન્દ્રીકુમાર આર્ય, ડો. દેવભાઈ વિઠલાણી અને જોસનાબેન ઠક્કર જહેમત ઉઠાવી રહયા છે.

# વેરાવળઃ પ્રભાસપાટણમાં માદક પદાર્થ નશીલા સાથે ત્રણ ઝડપાયા

વેરાવળ,

ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી જયદિપસિંહ જાડેજા ના માર્ગદર્શન અનુસાર તા.૨૫/૦૧/૨૦૨૬ ના રોજ એલ.સી.બી. ગીર સોમનાથના પો.ઈન્સ એસ.વી.રાજપુત તથા એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર ડી.એમ.કાગડા તથા પો.સબ.ઈન્સ. આર.એચ.સુવા તથા એસ.ઓ.જી. શાખાના પો.સ્ટાફ સાથે પ્રભાસ પાટણ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા.

દરમિયાન પો.હેડ.કોન્સ. અનિધ્ધસિંહ જયવંતસિંહ તથા પો.કોન્સ. નદીમભાઈ શેરમહમદ નાઓને અંગત અને વિશ્વાસુ બાતમીદારથી મળેલ બાતમી હકીકત આધારે પ્ર.પાટણ ભણશારી વાવ વિસ્તારમાં દરિયાઈ પટ્ટી પાસે આવેલ રજાક હાજીભાઈ ચૌહાણના રહેણાંક મકાને થી ત્રણ આરોપીઓને અબ્બાસ સુલેમાન માંગરોલીયા (ઉ.વ.૩૨) રે.સોમનાથ ટોકીઝ વેરાવળ, ફૈઝાન અબ્દુલરજાક બાસઠીયા (ઉ.વ.૨૮) રે.સોમનાથ ટોકીઝ વેરાવળ, તૈયબ એમન ગાજી (ઉ.વ.૨૬) રે.પ્રભાસપાટણને માદક પદાર્થ (મારી જુઆના-હશીશ) ૧૫૦૦ ગ્રામ કિ.રૂ.૭૫૦૦૦ અને મોબાઈલ મળી કુલ રૂ.૯૦૩૦૦ મુદ્દામાલ સાથે ઝડપી પુછપરછ કરતા આ પદાર્થ રજાક હાજી ચૌહાણ રે.પ્રભાસપાટણ વાળાએ મંગાવ્યો હતો અને ચંદન મહેર રે.જાટ સુગડા ઓરીસ્સા આપ્યો હોવાની વિગતો ખુલ્લી હતી.

# રાજકોટ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ પદે મનોજ રાઠોડની વરણી

રાજકોટ,

રાજકોટ જિલ્લા ભાજપમાં મંત્રીપદે મનોજ રાઠોડ સેવા આપી રહ્યા હતા. તેઓને પ્રમોશન મળતા હવે ઉપપ્રમુખ પદે સેવા બજાવશે. તેઓ ઉપર અભીનંદન વર્ષા થઈ રહી છે